RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૪૨૩ તા.૧૯–૧૧–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી શેખ મહેમુદ
સામાવાળાઃ–સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયત ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી શેખ મહેમુદની તા. ૨૨–૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧)લીંબાયત વિસ્તારમાં આવેલ સંગમ બેંડની સામે, સુભાષનગર–૧, પ્લોટ નં.૧૦નું બાંધકામની પરવાનગી લીંબાયતઝોન ધ્વારા આપવામાં આવેલ હોય તો તેની રજાચિઠ્ઠીની નકલ આપવી.આ ઉપરોકત બાંધકામ લીંબાયતઝોન ધ્વારા અટકાવવામાં આવેલ પછી તેને કયાં કારણોસર બાંધકામ કરવા દેવામાં આવ્યું તેની વિગતવાર માહિતી આપવી તથા હાલ ઉપરોકત બાંધકામ કેટલા ક્ષેત્રફળમાં થયું છે તેની વિગતવાર માહિતી આપશો વિ. મુદ્દા નં.(૧)થી (૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૯–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૪૨૩/૨૦૧૧–૧૨

શ્રી શેખ મહેમુદની તા. ૨૨–૯–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) લીંબાયત વિસ્તારમાં આવેલ સંગમ બેંડની સામે, સુભાષનગર–૧,પ્લોટ નં.૧૦નું બાંધકામની પરવાનગી લીંબાયતઝોન ધ્વારા આપવામાં આવેલ હોય તો તેની રજાચિઠ્ઠીની નકલ આપવી. આ ઉપરોકત બાંધકામ લીંબાયતઝોન ધ્વારા અટકાવવામાં આવેલ પછી તેને કયાં કારણોસર બાંધકામ કરવા દેવામાં આવ્યું તેની વિગતવાર માહિતી આપવી તથા હાલ ઉપરોકત બાંધકામ કેટલા ક્ષેત્રફળમાં થયું છે તેની વિગતવાર માહિતી આપશો વિ. મુદ્દા નં.(૧)થી (૪)ની માહિતી આપવા બાબતે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)ના પત્ર નં. સા.ઈ.ઝોન/મહેકમ/૨૧૭૦ તા. ૨૫–૧૦–૧૧થી મળેલ માહિતી સંપૂર્ણ ખોટી તથા અધુરી આપવામાં આવેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૯–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજૂ કરવા તથા બાબતે દફતરી માહિતીની વિગતો નકલ સહ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૭૭ તા.૧–૧૨–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયત ઝોન) તથા અરજદારને અપીલમાંના અને અધુરી માહિતીના દાવા અંગે મુદ્દાવાર આધાર હોય તો સમર્થનમાં રજૂ કરવા તથા મુદ્દા નં.૨ અંગે જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર સ્પષ્ટ સ્થળ સ્થિતિ, સર્વે નં., બ્લોક નં. ની ઓળખ આપી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ છે કેમ ? હોય તો વિગત રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સા.ઈ.ઝોન–૨૭૪૩ તા.૨૨–૧૨–૧૧ થી અરજદાર ની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/ ૨૧૭૦ તા.૨૫–૧૦–૧૧ થી આપેલ માહિતીના પત્રની નકલ, અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૩૦–૧૨–૧૧ થી પત્ર તથા સાથે મુળ અરજીની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/ ૨૧૭૦ તા.૨૫–૧૦–૧૧થી મળેલ માહિતીની નકલ, જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/ ૨૭૪૩ તા.૨૨–૧૨–૧૧થી મળેલ માહિતીની નકલ, અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૭–૯–૧૧ની અરજીથી બાબત હેઠળની માહિતિ માંગતી અરજી તા.૨૨–૯–૧૧ ના રોજ મધ્યસ્થ કચેરી ખાતે કરવામાં આવેલ. જે લીંબાયતઝોનને તા.૨૭–૯–૧૧ ના રોજ મળેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી(લીંબાયત ઝોન) ના પત્ર નં. સા.ઈ.ઝોન/મહેકમ/૨૧૭૦ તા. ૨૫–૧૦–૧૧થી મળેલ માહિતી સંપૂર્ણ ખોટી તથા અધુરી આપવામાં આવેલ હોવાનું જણાવી નારાજ થઈ તા.૧૯–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જેમાં અરજદારની અરજીમાં મુદ્દા નં. (૧) લીંબાયત વિસ્તારમાં આવેલ સંગમ બેંડની સામે, સુભાષનગર–૧, પ્લોટ નં.૧૦નું બાંધકામની પરવાનગી લીંબાયતઝોન ધ્વારા આપવામાં આવેલ હોય તો તેની રજાચિઠ્ઠીની નકલ આપવી.આ ઉપરોકત બાંધકામ લીંબાયતઝોન ધ્વારા અટકાવવામાં આવેલ પછી તેને કયાં કારણોસર બાંધકામ કરવા દેવામાં આવ્યું તેની વિગતવાર માહિતી આપવી તથા હાલ ઉપરોકત બાંધકામ કેટલા ક્ષેત્રફળમાં થયું છે તેની વિગતવાર માહિતી આપશો. જેના અનુંસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી લિંબાયત વિસ્તારમાં આવેલ સંગમ બેંડની સામે સુભાષનગરનો કોઈ સક્ષમ સત્તાધીશ ધ્વારા પ્લાન મંજુર કરવામાં આવેલ નથી. તેવું સમય અવધિબાદ જણાવેલ. મુદ્દા નં.૨ નીલગીરીથી નવાગામ રેલ્વે ફાટક પાસે આવેલ રણછોડનગર પ્લોટ નં.૧ ની બાજુમાં બાંધકામને સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુરી આપવામાં આવેલ હોય તો તેની પરવાનગીની એટેસ્ટેડ નકલ આપશો. ઉપરોકત બાંધકામમાં હાલ એક દવાખાનું નામે ગુરૂકૃપા કલીનીક શરૂ કરવામાં આવેલ છે. તેને આરોગ્ય ખાતા તરફથી મંજુરી આપવામાં આવેલ હોય તો તેની એટેસ્ટેડ નકલ આપશો. તથા ઉપરોકત બાંધકામનો પ્લોટ નંબર અને દસ્તાવેજની એટેસ્ટેડ નકલ આપશો. તથા બાંધકામ કાયદેસર છે કે ગેરકાયદેસર તેની વિગતવાર માહિતી આપશો. જેના અનુંસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી માંગેલ માહિતીમાં સર્વે નંબર, બ્લોક નંબર સહિત સ્પષ્ટ લોકેશન જણાવ્યેથી માહિતી આપી શકાશે. તેવું જણાવેલ. મુદ્દા નં.૩ ડીંડોલી ખરવાસા રોડ પર આવેલ એમનગર સોસાયટીના મેઈન રોડ ઉપર આવેલ આઈડીયેલ પબ્લીક સ્કુલનું બાંધકામ કેટલા ક્ષેત્રફળમાં કરવામાં આવેલ છે તથા તેની જગ્યાના દસ્તાવેજ સાથે તેના બાંધકામની પરવાનગીની નકલ આપશો. ઉપરોકત બાંધકામ કાયદેસર છે કે ગેરકાયદેસર

તેની તપાસ કરાવી તેની વિગતવાર માહિતી આપશો. તથા ઉપરોકત સ્કુલની પરવાનગી સુરત મહાનગરપાલિકા કે સુડા ધ્વારા આપવામાં આવેલ છેકે નહી તેની વિગતવાર માહિતી આપશો. જેના અનુંસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ડીંડોલી ખરવાસા રોડ પર આવેલ ઓમનગર સોસાયટીનો પ્લાન સુડા ધ્વારા મંજુર કરવામાં આવેલ છે. ક્ષેત્રફળ તથા દસ્તાવેજનાં કોઈ રેકર્ડ લીંબાયત ઝોન ખાતે ઉપલબ્ધ નથી. મંજુર પ્લાનની નકલ મેળવવા માટે પ્રવર્તમાન નિયમ મુજબ નકલ ચાર્જ ભરી તેની રસીદ લીંબાયત ઝોનના મહેકમ વિભાગમાં રજુ કર્યેથી નકલ મળી શકશે. તેવું જણાવેલ. પરંતુ નિયત નમુના ૫(૨) સાથે નિયમ ૭(૩) હેઠળ ફી ભરવા પત્ર પાઠવેલ નથી. અને એ પણ ઉલ્લેખનીય છે કે જાહેર માહિતી અધિકારી ધ્વારા સમય અવધિબાદ નાંણાં ભરવા જણાવેલ છે. મુદ્દા નં.૪ નવાગામ ડીંડોલી રોડ ઉપર આવેલ આર.ડી.નગર–૧ નાપ્લોટ નં.૧૯૪ ની બાજુમાં ભંગાળના ગોડાઉન માટે શટલ લગાવી રાતોરાત બાંધકામ કરવામાં આવેલ હોય તેને સુરત મહાનગરપાલિકા ધ્વારા પરવાનગી આપવામાં આવેલ હોય તો તેની રજાચીઠ્ઠીની નકલ આપશો. આ બાંધકામ કાયદેસર છે કે ગેરકાયદેસર તેની તપાસ કરાવી સંપુર્ણ તથા વિગતવાર માહિતી આપશો. જેના અનુંસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ડીંડોલી રોડ પર આવેલ આર.ડી. નગરના પ્લાન કોઈ સક્ષમ સત્તાધીશ ધ્વારા મંજુર કરવામાં આવેલ નથી. તેવું જણાવેલ. જયારે અરજદારને અપીલ દરમ્યાન અપીલમાંના અને અધુરી માહિતીના દાવા અંગે મુદ્દાવાર આધાર હોય તો સમર્થનમાં રજૂ કરવા તથા મુદ્દા નં.૨ અંગે જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર સ્પષ્ટ સ્થળ સ્થિતિ, સર્વે નં., બ્લોક નં. ની ઓળખ આપી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ છે કેમ ? હોય તો વિગત રજૂ કરવા જણાવેલ જેના અનુંસંધાને અરજદારે તા.૩૦–૧૨–૧૧ ના પત્રથી મુદ્દા નં.૧ થી ૪ ની સાઉથ ઈષ્ટ ઝોન તરફથી જાણી જોઈને ખોટી અને અધુરી માહિતી આપવામાં આવેલ છે. તેવું જણાવેલ પરંતુ કોઈ આધાર પુરાવા કે માહિતી પુરી પાડેલ નથી. વધુમાં જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૭૪૩ તા.૨૨–૧૨–૧૧ માં અરજદાર ઈચ્છે તો કચેરી સમય દરમ્યાન આરટીઆઈના નિયમો મુજબ દફતરી ચકાસણી કરી શકે છે. તેવું જણાવેલ.

અરજદારને અપીલ તબકકે અત્રે એ પણ નોંધનીય છે કે અરજદારે મુદ્દા નં.૩ અને ૪ અંગે તપાસ કરાવી માહિતી પુરી પાડવાનો રાખેલ આગ્રહ કલમ–૨(એફ) અને ૨(જે) સાથે સુસંગત નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૭–૯–૧૧ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પાડવામાં આવેલ હોઈ તથા મુદ્દા નં.૨ અંગે વિગતો રજુ કર્યેથી માહિતિ પુરી પાડવા તૈયારી દર્શાવેલી હોઈ અપીલ અરજી અંગે વિશેષ કાર્યવાહી કરવાની રહેથી નથી . તેમ છતાં અરજદાર ઈચ્છુક હોયતો જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર જાહેર માહિતી અધિકારીનો અગોતરો સમય દિન–૭ માં મેળવી કચેરી કામકાજના સમય દરમ્યાન અરજદાર ઈન્સ્પેકશન મેળવી માહિતી મેળવવા સ્વતંત્ર છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયત ઝોન) .....જાણ તથા અમલ માટે
(૨) શ્રી શેખ મહેમુદ,